# શહેર-જિલ્લામાં સાત માસમાં રૂ.૨.૧૫ કરોડ દંડ વસુલ્યો

## પોલીસે ૭૩૮૯ વાહન ચાલકોને માસ્ક પાવતી આપી

ગાંધીનગર, તા.૪

પાટનગરમાં પણ કોરોના બેકાબુ બનતા કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. કોરોના સંક્રમણના કેસ વધતા નાગરીકો ઘરમાં પુરાઈ રહે છે. ત્યારે હજુ પણ કેટલાક નાગરીકો કોરોનાને સરળતાથી લઈ રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. કોરોના મહામારીમાં માસ્ક ન પહેર્યુ હોય તેવા નાગરીકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી. ત્યારે ગાંધીનગર શહેર-જિલ્લામાં પોલીસ તંત્ર દ્વારા માત્ર ૭ માસમાં ૭૩૮૯ માસ્ક પાવતી વાહનચાલકોને આપીને તંત્રએ રૂ, ૨,૧૫,૦૬૪ ના દંડની વસુલાત કરી છે.

મળતી માહિતી મુજબ રાજયના પાટનગરમાં કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. ત્યારે કોરોના સંક્રમણને અટકાવવા માટે પોલીસ ખડે પગે જોવા મળી છે. કોરોનાની વૈશ્વિક મહામારી વચ્ચે મોંઢા પર માસ્ક પહેર્યા વિના જોવા મળતા વાહન ચાલકો અને નાગરીકો પાસેથી પોલીસે દંડનીય કાર્યવાહી કરી હતી. જેમાં મે થી નવેમ્બર માસ દરમિયાન ગાંધીનગર જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ૭૬,૦૬૪ માસ્ક પાવતી નાગરીકોને આપીને રૂ.૨.૧૫,૭૧,૦૦૦ દંડની વસુલાત કરી છે. જયારે ૨૦૦ ની પાવતી ૬૭,૧૮૫ નાગરીકોને, રૂ.૫૦૦ ની પાવતી ૧૪૯૦ નાગરીકોને અને ૭,૩૮૯ નાગરીકોને રૂ.૧૦૦૦ ની પાવતી આપવામાં આવી હતી. કોરોના કાળમાં પણ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા માસ્ક પાવતી આપીને નાગરીકો પાસેથી સવા બે કરોડ થી વધુનો દંડ વસુલવામાં આવ્યો છે. જેથી પાટનગરમાં જાહેર સ્થળો તેમજ ઓફિસમાં માસ્ક વિના ફરતા નાગરીકો દંડનીય કાર્યવાહીને પગલે મોંઢા પર માસ્ક પહેરતા થયા છે. પોલીસે સૌથી ઓછો દંડ મે માસમાં અને સૌથી વધુ દંડ જુલાઈ માસમાં વસુલ્યો છે. જયારે રૂ.૫૦૦ ની પાવતી માત્ર ૧૪૯૦ નાગરીકો આપવામાં આવી છે. જયારે સૌથી વધુ ૧૦૦૦ ની પાવતી ૭૩૮૯ નાગરીકોને આપી દંડની રકમ વસુલાત કરાઈ છે.

| માસ | દંડતિ થયેલ વ્યકિતની સંખ્યા |
|---|---|
| મે | ૨૯૧ |
| જૂન | ૧૧૪૫૬ |
| જુલાઈ | ૪૫૭૯૭ |
| ઓગસ્ટ | ૧૨૭૫૨ |
| સપ્ટેમ્બર | ૨૫૧ |
| ઓક્ટોબર | ૧૦૬૫ |
| નવેમ્બર | ૨૪૫૨ |
| કુલ | ૭૬૦૬૪ |

રૂ.૨૦૦ની કુલ-૬૭૧૮૫ પાવતી
રૂ.૫૦૦ની કુલ -૧૪૯૦ પાવતી
રૂ.૧૦૦૦ની કુલ-૭૩૮૯ પાવતી
કુલ ૭૬૦૬૪ પાવતી

**કુલ દંડની રકમ રૂ.૨,૧૫,૭૧,૦૦૦**



માસ્ક પહેરવાની બાબત હવે રોજીંદી બની ગઈ છે. અવનવા માસ્ક હવે બજારોમાં ખુબ મળી રહ્યા છે. નાના મોટા ફેરિયાઓથી લઈને મોટા ફેશન સ્ટોર સુધી માસ્કનું વેચાણ થઈ રહ્યું છે. રેડીમેડ ગારમેન્ટના સ્ટોર પર હવે કપડાં ખરીદવા જાઓ તો મેચિંગ માસ્ક અવશ્ય મળી રહે છે. માસ્કની જરૂરીયાત વધતા હવે જાહેર માર્ગો પર તેનું વેચાણ થતું જોવા મળે છે.

# જિલ્લામાં તંત્ર કહે છે ૫૪ કેસ તો સરકાર કહે છે ૭૩ કેસ

## શહેરમાં ૨૬ તો ગ્રામ્ય વિસ્તારમાં ૨૮ કેસ નોંધાયા : ૬૮ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ અપાયુ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસો આજે ૫૪ નોંધાયા હોવાનું તંત્રએ કહ્યુ છે જો કે રાજ્ય સરકારે જિલ્લામાં ૭૩ કેસ નોંધાયાનું તેની સત્તાવાર યાદીમાં જણાવ્યુ છે.

ગ્રામીણ વિસ્તારમાં સરકારની યાદી મુજબ ૪૬ કેસ નોંધાયા છે જ્યારે તંત્ર માત્ર ૨૮ જ કેસ નોંધાયાનું કહે છે. ગાંધીનગર શહેરમાં તંત્ર ૨૬ કેસ કહે છે જ્યારે સરકારે ૨૭ કેસ નોંધાયાનું જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં રોકેટગતિએ કેસો વધી રહ્યા છે. ગાંધીનગરમાં ૮, દહેગામમાં ૫ કેસ, માણસામાં ૭ કેસ તેમજ કલોલમાં ૮ કેસ નોંધાયાનું જણાવ્યુ છે.

જિલ્લામાં આજે પણ મોટાભાગના સંક્રમિત દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. ગ્રામીણ વિસ્તારમાં આજે સંક્રમિતોની યાદીમાં ૧૦ મહિલા દર્દીઓનો પણ સમાવેશ થાય છે. મોટીવયના દર્દીઓ અને મહિલા દર્દીઓની સંખ્યામાં થઈ રહેલા વધારાને કારણે તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર તાલુકાના વાવોલ, ડભોડા, સાદરા, ચંદ્રાલા, છાલા, આલમપુર, પેથાપુર અને તારાપુર ગામેથી કેસો મળી આવ્યા છે.

દહેગામ તાલુકામાં વાસણાચૌધરી, પાલુન્દ્રા, પીંપળજ ગામેથી કેસો મળવા ઉપરાંત દહેગામ અર્બન વિસ્તારમાંથી પણ બે કેસ મળી આવ્યા છે.

માણસા તાલુકામાં ઈટાદરા, વ્યાસપાલડી ગામેથી એક-એક કેસ અને લોદરા ગામેથી બે કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત માણસા અર્બન વિસ્તારમાંથી ૩ કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકાના બોરીસણા અને પલસાણા ગામેથી કેસો મળી આવ્યા છે. આ ઉપરાંત અર્બન-૧ વિસ્તારમાંથી ૨ અને અર્બન-૨ વિસ્તારમાંથી ૪ કેસ મળી આવ્યા છે. કલોલ અર્બન વિસ્તારમાં કોરોનાના કેસો પુનઃ મળવાના શરૂ થતાં સઘન સર્વેલન્સની સૂચનાઓ જારી કરી છે.

જિલ્લામાં આજે વધુ ૨૯ દર્દીઓ રિકવર થતાં તેમનો ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૦૨૯ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૧૭૯ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ અને ૧૪,૩૩૧ લોકોને ક્વોરોન્ટાઈનમાં રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૨૬ કેસ મળી આવેલ છે. શહેરમાં કોરોના સંક્રમણના કેસો વધી રહ્યા છે તેથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. આજે નોંધાયેલા કેસોમાંથી ૪ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૩ મહિલા દર્દીઓ અને મોટીવયના દર્દીઓની સંખ્યા

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં સમાવિષ્ટ સાત ગામની જૂના ગામતળની ૧૪૯૫ મિલ્કતોને સાતમીએ પ્રોપર્ટીકાર્ડ અપાશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ સાત ગામના જૂના ગામતળમાં મિલ્કતો ધરાવતા ૧૪૯૫ જેટલા લોકોને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ૭મી ડિસેમ્બરના રોજ ટોકન પ્રોપર્ટીકાર્ડ એનાયત કરવામાં આવશે.

જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યના હસ્તે આ પ્રોપર્ટી કાર્ડ એનાયત કરાશે. મળતી વિગતો મુજબ આ સાત ગામોના જૂના ગામતળમાં ૧૪૯૫ જેટલી મિલ્કતો છે. જે અંગેના આધાર-પુરાવા, રેકર્ડ અને બધી આનુસંગિક તપાસ તંત્રની ટીમ દ્વારા સર્વે તેમજ ચકાસણીને અંતે શોધી અને ઓળખવામાં આવી છે.

જિલ્લા કલેકટરના માર્ગદર્શન અને સીધી દેખરેખ હેઠળ લેન્ડ રેકોર્ડઝ અને સીટી સર્વે કચેરીની ટીમોનું ગઠન કરી આ અંગેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ટીમોએ પંચાયતોના જૂના ગામતળના રેકર્ડ સહિતની આનુસાંગિક આધાર પુરાવાની ચકાસણી અને સર્વેની કામગીરી કરી હતી. ત્રણ મહિનાથી પણ વધારે સમયથી આ ચકાસણીની કામગીરી ચાલતી હતી.

આ પ્રોપર્ટી કાર્ડ મળતાં હવે તેઓ તેમની મિલ્કત તબદીલ પણ કરી શકશે એટલુ જ નહિ તેના પર ધિરાણ મેળવી શકશે. આ એવા લોકો હતા જેમની પાસે આ મિલ્કતોને લઈ કોઈ આધાર-પુરાવા ન હતા અને માત્ર કબ્જો

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ચેપરેટ ૩ ટકા તો રિકવરી રેટ ૮૭ ટકા નોંધાયો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનો ચેપરેટ ૩ ટકા જેટલો નોંધાયો છે જયારે રિકવરી રેટ ૮૭ ટકા જેટલો નોંધાયો છે.

દિપાવલી પર્વ પછી કોરોનાનો ચેપ રેટ ડબલ થવા પામ્યો છે. જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. રિકવરી રેટ જે ૯૦ ટકાએ પહોંચ્યો હતો તેમાં પણ ઘટાડો થવા પામ્યો છે.

જિલ્લામાં વધતા જતા સંક્રમણના કેસોને પગલે તંત્રએ ટેસ્ટીંગના પ્રમાણમાં પણ સારો એવો વધારો કર્યો હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં આજ સુધીમાં ૧,૯૦,૦૦૦થી વધુ લોકોના એન્ટીજન અને આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં રિકવરી રેટ ૮૬.૦૪ ટકા અને ગ્રામીણ વિસ્તારમાં ૮૭ ટકા જેટલો રહેવા પામ્યો છે. ગ્રામીણ વિસ્તારમાં શહેરની તુલનામાં ચેપરેટ .૧૦ ટકા જેટલો ઊંચો હોવાનું જાણવા મળેલ છે. જો કે અગાઉ આ ચેપરેટ ૧.૫ ટકા જેટલો હતો તે દિપાવલી પર્વ પછી વધીને ૩ ટકા પર સ્થિર થયો છે.

જિલ્લામાં કોરોનાના કેસો ૭ હજારની નજીક પહોંચી ગયા છે. જેમાં શહેરી વિસ્તારમાં ૨૮૦૦ જેટલા કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં ૩ હજારથી વધુ કેસ નોંધાયા છે.

શહેરમાં અને જિલ્લામાં એન્ટીજન ટેસ્ટની સંખ્યા ૧ લાખ ૨૫ હજાર કરતાં વધુ હોવાનું જાણવા મળેલ છે.

તંત્રએ પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે દંડનીય કાર્યવાહીનું શસ્ત્ર હાલ ઉગામ્યુ છે અને જે દંડ વસુલ કરવામાં આવ્યો છે તેના આંકડા પર નજર કરીએ તો માથાદીઠ ૧૧ રૂ. જેટલો દંડ માસ્ક નહિ પહેરનારાઓ પાસેથી વસુલ કરવામાં આવ્યો છે.

તંત્રએ સોશિયલ ડિસ્ટન્સીંગના નિયમોના પાલન માટે પણ હવે દંડનીય તેમજ સિલીંગ જેવા પગલાંઓ કેટલાક વિસ્તારોમાં લીધા છે. તંત્ર દ્વારા હવે આ બધી કામગીરીને મિશન મોડ પર મુકવા માટેનું મન બનાવી લીધુ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં હાલ ૪૦૦થી વધુ કન્ટેનમેન્ટ ઝોનમાં ૩૦ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખેલા છે.

# શોપીંગ સેન્ટરમાં નિયમોના ભંગ બદલ વેપારીઓ પાસેથી દંડ વસુલવાનુ શરૂ

**દિવાળીમાં બિન્દાસ્ત રીતે ભેગી થયેલી ભીડના લીધે સંક્રમણ બેકાબુ બન્યુ હતુ : દુકાનો પાસે સોસિયલ ડીસ્ટન્સીંગ માટે કુંડાળા કરાયા : લગ્નસરાની સિઝન ટાંણે દુકાનોમાં ભીડ ન થાય તે માટે તંત્ર જાગૃત : ગ્રાહકો માસ્ક ન પહેરે કે સોશિયલ ડીસ્ટન્સીંગનો ભંગ થાય તો વેપારીને પણ દંડ**

ગાંધીનગર તા ૪

દિવાળીના સમયગાળા દરમિયાન નગરના શોપિંગ બજારમાં ઠેર ઠેર ભારે ભીડના દ્રશ્યો જોવા મળતા હતા માસ્ક તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગ સહીતના નિયમો નેવે મુકી દેવાયા હતા જેના લીધે હાલ કોરોનાના કેસમાં ઢગલો વધારો થયો છે. આવા સંજોગોમાં કોરોનાના સંક્રમણને કાબુમાં લેવા માટે હવે શહેરના શોપિંગ બજારમાં માસ્ક વિના તેમજ સોશિયલ ડીસ્ટન્સીંગનો ભંગ કરતા નાગરિકો પાસેથી દંડ વસુલી કરવામાં આવી રહી છે. જયારે બીજીતરફ નિખરતી લગ્નસરાની સિઝન વચ્ચે દુકાનો પાસે ભીડ ન થાય તેમજ નિયમોનુ પાલન થાય તે માટે વેપારીઓ પાસેથી પણ દંડ વસુલી કરવામાં આવી રહી છે. શહેરના શોપિંગ બજારમાં હવે અગાઉની જેમ સોશિયલ ડીસ્ટન્સીંગના પાલન માટે કુંડાળા પણ કરી દેવાયા છે.

શહેરમાં કોરોનાના કેસની સંખ્યામાં રોજબરોજ વધારો થઈ રહ્યો છે. જયારે કોરોનાના વધતા કેસને અનુલક્ષી દિવાળી બાદ નગરના બજારોમાં પણ એક જગ્યાએ ભીડ ન થાય સોશિયલ ડીસ્ટન્સીંગનુ પાલન થાય ઉપરાંત પ્રત્યેક નાગરિક માસ્ક પહેરે તે વાતનો વિશેષ ખ્યાલ રાખવામાં આવી રહ્યો છે. શેહરના સે-૨૧ સે-૭ અને સે-૨૪ શાકમાર્કેટમાં દિવાળી પુર્વે બજારમાં વિશેષ ભીડ જોવા મળતી હતી.



● અનુસંધાન પાન-૭ પર

# શહેરના વન આરક્ષિત વિસ્તારમાંથી દબાણો દુર કરવા માટે સોમવારથી ઝુંબેશ


**મુખ્યમાર્ગો આસપાસ તેમજ સેકટરોના રહેણાંક નજીક પણ વન વિભાગની જગ્યામાં વધતા દબાણો પણ દુર કરાશે**

ગાંધીનગર તા ૪

શહેરમાં વન વિભાગ હસ્તકની જગ્યામાં પણ છેલ્લા કેટલાક સમયથી દબાણો વધી રહ્યા છે. આ દબાણો દુર કરવા માટે વનતંત્ર દ્વારા અગાઉ સર્વે પણ કરાયો હતો જયારે સેકટરોના રહેણાંક વિસ્તાર નજીક સ્થિત વનઆરક્ષિત જગ્યામાં પણ ઝુંપડા સહીત કોર્મશિયલ દબાણો વધી રહ્યા છે. જેને ધ્યાને લઈ વનતંત્ર દ્વારા નગરના ઉભા અને આડા માર્ગો પરથી દબાણો દુર કરવા માટે સોમવારથી અભિયાન હાથ ધરાશે.

શહેરના વન આરક્ષિત વિસ્તારમાં જાડી ઝાંખરા વચ્ચે ગંદકી વધી રહી છે. જયારે વન આરક્ષિત વિસ્તાર દબાણોનો અડ્ડો બનતા ગંદકી સહીતની સમસ્યા પણ જટીલ બની છે. ત્યારે વન આરક્ષિત વિસ્તારમાં હરિયાળી સામે પણ ખતરો મંડરાયો છે. રહેણાંક વિસ્તાર નજીક પણ હરિયાળી વચ્ચે દબાણો વધી રહ્યા છે. ત્યારે વધતા આ દબાણો દુર કરવા માટે વનતંત્ર દ્વારા આગામી સોમવારથી ઝુંબેશ હાથ ધરવામાં આવશે. નગરના ઉભા અને આડા માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં ઝુંપડાના દબાણો પણ વધુ છે. જયારે ઝુંપડાવાસીઓની સાથે રખડતા ઢોરનો પણ આ વિસ્તારમાં અડ્ડો બન્યો છે. વન હસ્તકની જગ્યામાં રખડતી નિલગાય પણ જોવા મળે છે. જયારે આ સ્થિતિ વચ્ચે દબાણોને અટકાવવા માટે વનતંત્ર દ્વારા હવે પગલા લેવાશે. વન વિભાગ હસ્તકની જગ્યામાં કોર્મશિયલ દબાણો પણ વધી રહ્યા છે. જેમાં લારી ગલ્લા સહીતના દબાણોના લીધે અન્ય સમસ્યાઓ પણ ઉભી થઈ છે. શહેરના કાર્મશિયલ અને રહેણાંક વિસ્તારમાં પણ દબાણોની સમસ્યા વધી રહી છે. સેકટરોના રહેણાંક વિસ્તારમાં પણ ફેન્સીંગના દબાણો દુર કરવામાં આવતા નથી જયારે પેવર બ્લોકના નામે પણ રહીશો જગ્યા પર પોતાનો કબજો જમાવી રહ્યા છે. આવા સંજોગોમાં રહેણાંક વિસ્તારમાં પણ દબાણને લગતી કામગીરી હાથ ધરવામાં નહી આવે તો ટુંક સમયમાં પાકા દબાણો પણ વધશે. જયારે ખુલ્લી સરકારી જગ્યામાં પણ હાલ દબાણોએ ભરડો લીધો છે. ત્યારે હવે વન આરક્ષિત વિસ્તારની જેમ રહેણાંક વિસ્તારમાં પણ દબાણો દુર કરવા અનિવાર્ય છે. વનતંત્ર દ્વારા અગાઉ પણ શહેરના મુખ્યમાર્ગો આસપાસના દબાણો દુર કરવા માટે કાર્યવાહી કરવામાં આવી હતી જયારે હાલ નગરના મુખ્યમાર્ગો આસપાસ સહીત નગરના અન્ય સર્કલ ટુ સર્કલ વચ્ચેના માર્ગો પર પણ આસપાસ દબાણો વધ્યા છે. ત્યારે વનતંત્ર દ્વારા શહેરમાં હાલ વૃક્ષોના ટ્રીમીંગનુ કામ હાથ ધરાયુ છે. જેની સાથે હવે દબાણો દુર કરવા માટે પણ તંત્ર સજ્જ બનશે.

**અંજલિ**



**દેવલોક વાસી પંઢરીનાથ શંકરરાવ જગતાપ**
અનન્ત યાત્રા દિવસ ૧/૧૨/૨૦૨૦

પરિવાર અને સમાજ જેઓનું મંદિર હતું, બૃહન્મહારાષ્ટ્ર મંડળના આજીવન સભ્ય, મહારાષ્ટ્ર મંડળ, ગાંધીનગર સાર્વજનિક ગણેશોત્સવ સમિતિના ઘડવૈયા અને પીઢ કાર્યકર, પેન્શનર એસોસીએશનના ઉત્કૃષ્ટ, ઉત્સાહી તથા કર્મઠ કાર્યકર, યોગ - ધ્યાન જેમના જીવનનો મંત્ર હતો, સ્નેહ જેઓની શક્તિ હતી, પરિશ્રમ જેઓનું કર્તવ્ય હતું, પરમાર્થ જેઓની ભક્તિ હતી, ધર્મ કદી ભુલ્યા નહી, વ્યવહાર કદી ચુક્યા નહી, પરિવાર માટે ફુલ પાથરી ગયા એવા પુણ્ય આત્માને ચિરશાંતિ ઈશ્વર અર્પે એજ પ્રભુ ચરણોમાં પ્રાર્થના.

સંદીપ પી. જગતાપ
ફાલ્ગુની સં. જગતાપ
ઉષાબેન પી. જગતાપ, સમસ્ત પરિવાર જન
પુત્રીઓ, જમાઈ, દોહિત્રી, દોહિત્રા
તથા પૌત્રના સર્વેને જયશ્રી કૃષ્ણ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેકટર-૨૬ માં
**સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ** (SURMOUNT HOSPITAL · EMERGENCY 24 HOURS SERVICES)

સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિકવન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા

ઉપલબ્ધ સારવાર

ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) · ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન

સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન

મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ

પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેકચરની સર્જરી

કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર

ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન

For Appointment : Mo. : 84698 80550

OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેકટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality · KisaN · ashirvad · Jaguar experience bathing · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com